# યુવા સાધક

## આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
## શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

### શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*શકુંતલા સીગલ*

વર્ષ ૨૦૧૧ના જૂન મહિનાની, શ્રીગુરુમાઈના જન્મદિવસના મહિનાની આ વાત છે. ૨૪ જૂનના એ છેલ્લા અઠવાડિયામાં મને મારા પરિવાર સાથે શ્રી મુક્તાનંદ આશ્રમમાં આવવાનું આમંત્રણ મળ્યું હતું એટલે અમે બધાં બહુ ખુશ હતાં, ખાસ કરીને મારી દિકરીઓ, પ્રેમા અને સરીખા. ૨૪ જૂનનો દિવસ આવ્યો, જે દિવસની અમે ખૂબ આતુરતાથી રાહ જોઈ રહ્યાં હતાં. મારી નાની દિકરી પ્રેમા, જે ત્યારે ત્રણ વર્ષની હતી, તે દિવસે સવારે જ્યારે જાગી ત્યારે ઘણી ખુશ હતી અને ઊઠતાની સાથે ખૂબ જ ભારપૂર્વક બોલી, ‘‘આજે ગુરુમાઈજી તેમના જન્મદિવસ ઉત્સવમાં આવવાનાં છે અને તેઓ તેમની ગોળ ટોપી પહેરવાનાં છે!’’

હું તમને જણાવવા માંગું છું કે પ્રેમા બહુ નાની હતી ત્યારે આશ્રમમાં આવી હતી, તેના પછી તે ક્યારેય આશ્રમમાં આવી નહોતી. જ્યાંસુધી અમે જાણતા હતા કે તેને એ યાદ પણ નહીં હોય કે આના પહેલાં તેની ગુરુમાઈજી સાથે મુલાકાત થઈ હતી. તો તે કેવી રીતે જાણી શકે કે ગુરુમાઈજી આવવાનાં છે કે નહીં અથવા તેઓ શું પહેરવાનાં છે?

એ દિવસે સવારે, થોડા સમય પછી, જન્મદિવસ મહોત્સવના ભાગરૂપે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના સદસ્યો અને વિઝિટીંગ સેવાકર્તાઓ માટે શ્રી નિલય હૉલમાં એક વર્કશોપ ચાલી રહ્યો હતો. મારા પતિ, એસા એ કાર્યક્રમમાં સૂત્રધારની સેવા આપી રહ્યા હતા. વર્કશોપ દરમ્યાન હું પ્રેમા, તેની બહેન સરીખા તેમજ બીજાં કેટલાંક બાળકો સાથે હતી, જેઓ બાળકોના હૉલમાં રમી રહ્યાં હતાં.

વર્કશોપના સમાપન સમયે, ગુરુમાઈજીએ શ્રી નિલયમાં પ્રવેશ કર્યો અને તેમણે પોતાનું આસન ગ્રહણ કર્યું. અને સાચે જ, તેમણે જે ટોપી પહેરી હતી તેની કિનાર ગોળ હતી (જેને કોઈ ત્રણ વર્ષનું બાળક ‘ગોળ ટોપી’ જ કહેશે). ગુરુમાઈજીને જન્મદિવસની અનેકાનેક શુભકામનાઓ આપ્યા પછી મારા પતિ પોતાની ખુશી રોકી શક્યા નહીં અને તેમણે ગુરુમાઈજીને કહ્યું, ‘‘ગુરુમાઈજી, મારે તમને એક વાત કહેવી છે, આજે સવારે મારી ત્રણ વર્ષની દિકરી, પ્રેમાએ જાગ્યા પછી સૌથી પહેલાં મને જે વાત કહી તે હતી, ‘‘ગુરુમાઈજી આજે તેમનાં જન્મદિવસ મહોત્સવમાં આવવાનાં છે અને તેઓ તેમની ગોળ ટોપી પહેરવાનાં છે!’’

ગુરુમાઈજીએ આનંદપૂર્વક સ્મિત કર્યું. પછી તેમણે કહ્યું કે તેમને ખબર હતી કે તેમણે એ ટોપી પહેરી તેની પાછળ ચોક્કસ કોઈ કારણ હશે! તેમણે કહ્યું કે એ દિવસે સવારે તેમનો ટોપી પહેરવાનો કોઈ આશય નહોતો. પણ જ્યારે

તેઓ વર્કશોપમાં આવવા માટે નીકળી રહ્યાં હતાં ત્યારે તેમની નજર ટોપી પર પડી અને તેમણે તેને લઈ લીધી. તેમણે કહ્યું, "હા, મેં ટોપી તેના માટે જ પહેરી છે!"

એ સમયે હું બંને દિકરીઓ સાથે શ્રી નિલય હૉલના પાછળના ભાગમાં પ્રવેશ કરી રહી હતી. વર્કશોપના સમાપન સમયે, 'સદ્‌ગુરુનાથ મહારાજ કી જય'ના ઉલ્લાસભર્યા ઉદ્‌ઘોષ થયા પછી, ગુરુમાઈજી તેમના આસન પરથી ઊભા થયાં અને હૉલના પાછળના ભાગમાં, સીધા અમારી તરફ આવવા લાગ્યાં. એક સુંદર સ્મિત સાથે, તેઓ સીધા અમારી પાસે આવ્યાં. તેમણે મારી ત્રણ વર્ષની દિકરી તરફ જોઈને મને પૂછ્યું, "પ્રેમા?" મેં જવાબ આપ્યો, "જી હા, ગુરુમાઈજી!"

પછી ગુરુમાઈજી ઘૂંટણિયે બેઠાં જેથી તેઓ પ્રેમા સાથે વાત કરી શકે. તેમણે કહ્યું, "હા, પ્રેમા! મેં ટોપી તારા માટે પહેરી છે. સાચે જ… મેં આ ટોપી તારા માટે પહેરી છે!" આ સાંભળીને પ્રેમાએ માથું હલાવીને હા પાડી.

આ અમૂલ્ય વાર્તાલાપને ખૂબ નજીકથી સાંભળીને અને મારા શ્રીગુરુ મારી દિકરી પર આટલો પ્રેમ વરસાવી રહ્યાં છે, એ જોઈને મને અત્યંત આનંદ થયો અને મારું હૃદય ભરાઈ ગયું. મને લાગ્યું કે કંઈક બહુ જ મહત્ત્વપૂર્ણ ઘટી રહ્યું છે. ગુરુમાઈજી સીધા પ્રેમા સાથે જ વાત કરી રહ્યાં હતાં અને મને લાગી રહ્યું હતું કે તેઓ બંને એકબીજાને એક એવા સ્તર પર સમજી રહ્યાં હતાં જે મારા માટે અત્યંત ગૂઢ હતું. પછી ગુરુમાઈજી પ્રેમાને ભેટી પડ્યાં અને એને ચૂમીને તેઓ ત્યાંથી જતાં રહ્યાં.

આ અનુભવ મને ઘણીવાર યાદ આવે છે જેમાં એક ગૂઢ એકલયતા છે. આ એકલયતા પ્રેમા માટે, જે એ સમયે આશ્રમમાં સૌથી નાની હતી, સંપૂર્ણપણે સ્વાભાવિક હતી. ગુરુમાઈજી પ્રેમા સાથે ખૂબ જ આદરપૂર્વક વાત કરી રહ્યાં હતાં; તેઓ તેની સાથે જેવી રીતે વાર્તાલાપ કરી રહ્યાં હતાં, તે એવું લાગતું હતું જાણે માત્ર તેઓ બંને જ તેને સમજી રહ્યાં હોય — આત્માનો આત્મા સાથે વાર્તાલાપ.

આ અનુભવ આટલા વર્ષોથી મારી સ્મૃતિમાં રહ્યો છે અને અત્યંત સશક્ત રૂપે એ મને યાદ અપાવે છે કે શ્રીગુરુ સર્વના આત્મા સાથે એકરૂપ છે, તેઓ સતત એમના સંપર્કમાં રહે છે, તેમની સાથે વાર્તાલાપ કરે છે જે તેમને પ્રેમ કરે છે; અને નાના બાળકોની જેમ જો આપણું હૃદય ખુલ્લું હોય અને આપણું મન નિર્મળ હોય તો આપણે તે અંતર વાર્તાલાપની અનુભૂતિ કરી શકીએ છીએ.

હવે પ્રેમા દસ વર્ષની છે; આજે પણ તે એ ક્ષણને યાદ કરે છે જે તેના માટે ઘણી વિશેષ હોવાની સાથેસાથે બહુ સહજ-સ્વાભાવિક પણ છે. હાલમાં, મેં પ્રેમાને પૂછ્યું કે તેને એ પ્રસંગ કેવી રીતે યાદ છે તો તેણે કહ્યું, "એ સમયે હું કંઈ બહુ હોશિયાર નહોતી. હું બસ જાણતી હતી." અને પછી તેણે સ્મિત સાથે કહ્યું, "ગુરુમાઈજી બધું જ જાણે છે."

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨
### *વાણી અગ્રવાલ*

૧૯૮૦ના દાયકાની શરૂઆતનાં વર્ષોમાં, હું ગુરુદેવ સિદ્ધપીઠમાં એક યુવા ગુરુકુળ વિદ્યાર્થીના રૂપે રહેતી હતી. મને આશ્રમની દરેક જગ્યા બહુ જ ગમતી — ભગવાન નિત્યાનંદનું મંદિર, સમાધિ મંદિર, ગુરુચોક.

ત્યાંના ફૂલોથી લદાયેલાં અને વૃક્ષોથી ભરેલા સુંદર બગીચાઓ મને બહુ ગમતા. તમે જાણતાં જ હશો કે આશ્રમના બગીચામાં અનેક પ્રકારનાં ફળોનાં વૃક્ષો છે જેમકે કેરી, જાંબુ, ફણસ અને જમરૂખ.

અન્નપૂર્ણા હૉલની પાસે એક જમરૂખનું ઝાડ હતું જે શિયાળામાં હંમેશાં સ્વાદિષ્ટ જમરૂખથી ભરેલું રહેતું.

અમને બાળકોને જમરૂખ બહુ જ ભાવતા હતા! અમે દરરોજ અન્નપૂર્ણામાં જતી વખતે ઝાડની ડાળીઓ પર લટકી રહેલાં સોનેરી જમરૂખને જોઈને લલચાતા.

અને અમે દરરોજ અડધાં ખાધેલાં જમરૂખને જમીન પર પડેલાં જોતાં. ખિસકોલીઓ અને પોપટ જમરૂખની ઉજાણી કરતાં અને બાકીનો ભાગ ફેંકી દેતાં.

અમને પણ જમરૂખ ખાવાની બહુ જ ઇચ્છા થતી હતી. અમે બાળકોએ મળીને આના વિશે ચર્ચા કરી. જોકે અમે એ પણ જાણતાં હતાં કે આશ્રમનાં ઝાડ પરથી ફળ તોડવાં જોઈએ નહીં, તેમ છતાં અમારા અસીમ બુદ્ધિચાતુર્યનો ઉપયોગ કરીને અમે નક્કી કર્યું કે જો પશુ-પક્ષીઓ આશ્રમનાં જમરૂખ ખાઈ શકે, તો અમે બાળકો તો ખાઈ જ શકીએ.

અમે એક યોજના બનાવી.

એક દિવસ બપોરે, ભોજન પછી જ્યારે બધાં લોકો તેમના રૂમમાં અથવા તો સેવામાં ગયાં ત્યારે અમારી નાની ચોર-મંડળી જમરૂખના ઝાડ પાસે પહોંચી ગઈ. અમે ખાતરી કરી લીધી કે અમારી આસપાસ કોઈ નથી. ટુકડીની એક છોકરીને ઝાડ પર ચઢતા આવડતું હતું અને તે ઝાડ પર ચઢવા તૈયાર હતી. ઝાડ બહુ ઊંચું નહોતું એટલે અમે બધા માની ગયા.

અમે બધાં ઝાડની આજુબાજુ ઊભા રહી ગયા. અમારી બહેનપણી ઝાડ પરથી પાકાં જમરૂખ તોડીતોડીને ફેંકવા લાગી અને અમે તે ભેગાં કરવાં લાગ્યાં.

હજી અમે પાંચ-છ જમરૂખ ભેગાં કર્યાં હશે કે અચાનક અમને એક અવાજ સંભળાયો... એક ગહન અને ગુંજતો અવાજ... એવો અવાજ જેને અમે બહુ સારી રીતે ઓળખતાં હતાં... જે કહી રહ્યો હતો, “यहाँ क्या चल रहा है?” ‘‘અહીં શું ચાલી રહ્યું છે?’’

એક ક્ષણ માટે તો અમે બધા થીજી ગયા. પછી પાછળ ફરીને ગુરુમાઈજી તરફ જોયા વગર, અમારી બહેનપણી જે હજી ઝાડની ડાળી પર જ હતી તેને એકલી મૂકીને, અમે બધાં ત્યાંથી ભાગી ગયાં. જેવા અમારી બહેનપણીએ ઝાડ પરથી ગુરુમાઈજીને જોયા, તે નીચે કૂદી પડી અને સીધી ગુરુમાઈજીનાં ચરણો પાસે પડી. પછી તે ઝડપથી ઊભી થઈને પાછળ જોયા વગર ભાગી ગઈ.

એ આખી બપોર અમે બધાંએ એકબીજાથી દૂર રહેવાનો પ્રયાસ કર્યો. અમે બધા વિચારી રહ્યાં હતાં, "હે ભગવાન! અમે આ શું કરી નાખ્યું? અમે આશ્રમનાં ફળ તોડ્યાં એટલું જ નહીં, અમે ગુરુમાઈજીને જોઈને ભાગી ગયા! હવે શું થશે?"

એ દિવસે સાંજે, મને અત્યંત આશ્ચર્ય અને આનંદ થયો, મને ગુરુમાઈજી પાસેથી પ્રસાદ મળ્યો — જમરૂખથી ભરેલી એક ટોપલી!

મને પાછળથી ખબર પડી કે આ મસ્તીમાં શામેલ દરેક છોકરીને આ જ પ્રસાદ મળ્યો હતો.

અને આ પ્રસાદની સાથે, અમને બધાંને ગુરુમાઈજીનો એક સંદેશ મળ્યો હતો.

ગુરુમાઈજીનો અમારા માટે સંદેશ હતો, "यदि तुम्हें कुछ चाहिए तो माँगकर देखो। हो सकता है वह तुम्हें मिल जाए या हो सकता है न भी मिले। पर महत्त्वपूर्ण बात यह है कि इस तरह तुम वह करोगे जो सही है।" "જો તમને કંઈક જોઈએ તો માંગીને જુઓ. બની શકે કે તમને તે મળી જાય અથવા બની શકે કે ન પણ મળે. પરંતુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ રીતે તમે એ કરશો જે બરાબર છે."

મને ગુરુમાઈજીના પ્રસાદમાં તેમજ અમે અમારી ભૂલમાંથી શીખીએ તેમનાં એ સંકલ્પમાં ખૂબ જ પ્રેમની અનુભૂતિ થઈ.

ગુરુમાઈજીની આ શિખામણ મારા માટે એક નિકટતમ સાથી રહી છે; તેણે મને જીવનમાં ઉચિત નિર્ણયો લેવા માટે વારંવાર માર્ગદર્શન આપ્યું છે.

तहे दिल से शुक्रिया गुरुमाई। અંતઃકરણપૂર્વક આભાર, ગુરુમાઈજી!

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૩

## *લીલાવતી સ્ટુઅર્ટ*

સપ્ટેમ્બર, ૧૯૯૯માં શ્રીગુરુમાઈ ટીચિંગ વિઝિટ્સની યાત્રા દરમ્યાન ગુરુદેવ સિદ્ધપીઠમાં હતાં. હું ત્યાં સેવા અર્પિત કરવા માટે ગઈ હતી અને મારી સાથે મારો ૬ મહિનાનો પુત્ર જસ્ટીન પણ હતો. હું પહેલીવાર મા બની હતી અને આ સુંદર અને ચંચળ બાળકનું ધ્યાન કેવી રીતે રાખવું એ શીખી રહી હતી.

અમારા નિવાસ દરમ્યાન, ગુરુમાઈજી ઘણીવાર ગુરુચોકમાં દર્શન આપવા માટે બેસતાં હતાં. હું પણ દર્શનના સમયે મારા પુત્રની સાથે ત્યાં બેસતી હતી. જ્યારે તે આમતેમ અમળાતો કે રડતો ત્યારે હું તાળી વગાડીને, ગીતો ગાઈને તેને હસાવવાનો પ્રયત્ન કરતી. હું તેને ખુશ રાખવા માટે ઘણા પ્રયત્ન કરતી.

એક દિવસ જ્યારે જસ્ટીન સૂઈ રહ્યો હતો, ત્યારે ગુરુમાઈજી અમારા નિવાસસ્થાન પર અમને મળવાં આવ્યાં. ગુરુમાઈજીએ મને કહ્યું કે તેમણે જોયું છે કે જ્યારે પણ મારો દીકરો રડે છે ત્યારે તેને સારું લગાડવા માટે હું તેને રીઝવવા લાગું છું. પછી ગુરુમાઈજીએ ઘણી સુંદર રીતે એક માતાની ભૂમિકા વિશે સમજાવ્યું : પ્રેમ કરવો, તેનું પાલનપોષણ કરવું, બાળકની સલામતીનું ધ્યાન રાખવું, એ ખાત્રી કરવી કે તેને કોઈ તકલીફ તો નથી અને બાળકના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ગુરુમાઈજીએ મને કહ્યું કે જો તું તેને હંમેશાં ખુશ રાખવા માટે તેના "મનોરંજનનું સાધન" બની જશે તો પછી તેણે ભવિષ્યમાં તેની કિંમત ચૂકવવી પડશે. આ વાત તેને એ શીખવાથી રોકી રાખશે કે જ્યારે તેની લાગણી સુખદ નહીં હોય ત્યારે સ્વયંની સાથે કેવી રીતે જોડાયેલા રહેવું. ત્યારે તે કદાચ પોતાની એકલતા કે દુઃખની લાગણીથી બચવા માટે કોઈ ખોટી વ્યક્તિને પોતાના જીવનમાં "મનોરંજનના સાધન" તરીકે લઈ આવશે. અત્યારે જ્યારે તે એક બાળક છે ત્યારે જો હું તેને પોતાની લાગણીઓથી દૂર રાખીશ તો જ્યારે તે મોટો થશે ત્યારે બની શકે કે તે પોતાની સાચી લાગણીઓથી પોતાને દૂર કરવા ઇચ્છે અને વસ્તુઓને પૂરી રીતે સમજવાની કે વિચારવાની ક્ષમતા ગુમાવી દે. બની શકે કે પોતાના નિર્ણયો જાતે લેવાને બદલે તે બીજાઓ પર આધાર રાખે.

મેં હૃદયપૂર્વક શ્રીગુરુમાઈનો આભાર માન્યો અને તરત જ તેમનાં માર્ગદર્શનનું પાલન કરવાનું શરૂ કરી દીધું. મારા રડતા દીકરાને ચૂપ કરવાને બદલે અને મને ગમતા મૂડમાં લાવવાને બદલે મેં મારો દીકરો શું કહેવા માંગે છે તે સાંભળવાનું અને તેને સમજવાનું શરૂ કરી દીધું. આમ કરવાથી હું વધુ સંવેદનશીલ બની ગઈ અને એ ક્ષણે તેની જરૂરિયાતને સમજવા લાગી જેમકે તે ભૂખ્યો છે, તેને ઠંડી લાગે છે, તે થાકી ગયો છે, તે કંટાળી ગયો છે અથવા તેના કપડાં બદલવાના છે. ગુરુમાઈજીએ જે જોયું હતું તે હવે હું સમજવા લાગી કે મારા દીકરાને ખરેખર મનોરંજનની જરૂર નથી. તે ઇચ્છતો હતો કે હું તેની મા બનું.

જેમજેમ મારું પાલનપોષણ વધુ સરળ અને અસરકારક થતું ગયું, મારો દીકરો વધુ સહજ અને આત્મનિર્ભર બનતો ગયો. મારા પતિ મને કહેતા, "તું ઘણી સારી મા છે! આ બધું આટલું સારી રીતે કરવાનું તને કેવી રીતે આવડે છે?" હું કહેતી, "ગુરુમાઈજી જે શીખવે છે કે એક મા કેવી રીતે બનવું તે હું સાંભળું છું."

મેં ગુરુમાઈજી પાસેથી આ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું તેને લગભગ અઢાર વર્ષ થઈ ગયાં છે અને હું આ વાતને પુરવાર કરી શકું છું : મારા દીકરાને પોતાની સાથે રહેવું બહુ ગમે છે. તે પોતાની દિશા જાતે જ નક્કી કરે છે અને તે દિશામાં આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે. પોતાની સંગતની પસંદગી કરવામાં તે સાચે જ વિવેકશીલ છે. મારા દીકરાનું જીવન જે રીતે વિકસિત થઈ રહ્યું છે તે એક માતાની હાર્દિક ઇચ્છાની પૂર્તિ છે : એ જાણવું કે તેમના દીકરા હવે પોતાના પગ પર ઊભા રહી શકે છે અને તેમનામાં એ દૃઢ સમજ છે કે તેઓ કોણ છે.

શ્રીગુરુમાઈનો પ્રેમ અને માર્ગદર્શન મારા પાલનપોષણનો આધાર છે. અને હું મારા હૃદયચક્ષુથી જોઈ શકું છું કે મારાં બાળકો આ માર્ગદર્શનને તેમનાં બાળકોને વારસામાં આપશે. અને આ પરંપરા ચાલુ રહેશે.

ધન્યવાદ, ગુરુમાઈજી.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.